# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25/01/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **મન કી બાત કાર્યક્રમની 130મી કડીમાં આજે સવારે અગિયાર વાગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતાના વિચારો રજૂ કરશે.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના વિનાશક ભૂકંપના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પી, પ્રથમ ખાનગી રેડિયો સ્ટેશનનો આરંભ કરાવ્યો**
3. **નવરચિત વાવ થરાદ જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીની પૂર્વ સંધ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમની સાથેસાથે મુખ્યમંત્રીના હસ્તે વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થશે**
4. **બનાસકાંઠાના ઇકબાલ ગઢ પાસે ટ્રક અને કારના અકસ્માતમાં છનાં મોત**
5. **મતદાન જાગૃતિ અંતર્ગત.રાજ્યમાં મતદાતા દિવસની વિવિધ કાર્યક્રમોના આયોજન દ્વારા ઉજવણી**
6. **દેશભરના પાંચસો ઉપરાંતના ખેલાડીઓની ઉપસ્થિતીમાં અંબાજી ખાતે યોજાયેલ રાષ્ટ્રીય આર્ચરી સ્પર્ધાનું સમાપન થયું.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં વિવિધ વિષય પર પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ **130**મી કડી હશે. હિન્દીમાં "મન કી બાત"ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી સમાચારની વેબસાઇટ અને ન્યૂઝ ઑન **A.I.R,** મૉબાઇલ ઍપ્લિકેશન પર પણ પ્રસારિત કરાશે. તેમજ આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર , પ્રધાનમંત્રી કાર્યાલય – **PMO** તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યુબ ચૅનલ પર પણ "મન કી બાત" કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્ર પરથી "મન કી બાત" કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

# CM - KUTCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કચ્છના ભુજમાં સ્મૃતિવન મેમોરિયલ ખાતે "ધ્રુજારી- એક નવી શરૂઆત " કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સહભાગી થયા. વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ વર્ષ **2001**ના ભૂકંપના દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

આ પ્રસંગે બોલતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે , કચ્છના ભૂકંપથી જનજીવન ખોરવાઈ ગયું હતું અને અનેક પરિવારો વિખેરાઈ ગયા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કચ્છીમાડુઓએ ભૂકંપની આપદાને અવસરમાં પલટવાના આહવાનને ઝીલી લીધું હતું અને કચ્છ જિલ્લો વિકાસની વાઈબ્રન્સીનું શ્રેષ્ઠ ઉદાહરણ બન્યો છે.

તેમણે સ્મૃતિવન પરિસરમાં ચેકડેમની મુલાકાત લઈને દિવંગતોને યાદ કર્યા અને ભૂકંપમાં સ્વજનો ગુમાવનારા પરિવારોને રૂબરૂ મળીને તેમને સાંત્વના પાઠવી હતી.

મુખ્યમંત્રીએ ભુજ સ્મૃતિવન ઓડિટોરિયમ ખાતે એક જૂથના કચ્છના પ્રથમ ખાનગી રેડિયો સ્ટેશન "માય એફ"નો પ્રારંભ કરાવ્યો. તેમણે કચ્છ પ્રદેશમાં નવા FM રેડિયો સ્ટેશનના પ્રારંભને સંચાર ક્ષેત્રનો એક નવો અધ્યાય શરૂ થયાની લાગણી વ્યકત કરતા કહ્યું કે, કચ્છ સંસ્કૃતિ, સંકલ્પ, સંઘર્ષ, સ્વાભિમાન અને સમૃદ્ધિનું પ્રતિક છે.

---

## REPUBLIC DAY CELEBRATION VAV_THARAD

નવા જિલ્લાની રચના બા દ વાવ-થરાદ ખાતે ૭૭માં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી થનાર છે ત્યારે અગાઉથી જ વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે.. રાજ્યપાલ અને મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં યોજનારી ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

**ગઇકાલે પ્રભારી સચિવે શસ્ત્ર પ્રદર્શન નિહાળ્યું હતું. વિવિધ થીમ આધારિત પ્રદર્શન, કૃતિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આજે મલુપુર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.**

**આજે મુખ્યમંત્રી દ્વારા વિવિધ વિકાસકાર્યોના ભૂમિપૂજન, GIDCના ઉદ્ઘાટન તેમજ નવનિર્મિત જિલ્લા સેવા સદનના ભૂમિપૂજન કાર્યક્રમ યોજાશે. જ્યારે આવતીકાલે પ્રજાસત્તાક પર્વની ઉજવણી થશે.**

---

## DISTRICT 77 -REPUBLIC DAY

રાજયભરમાં 77માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી માટે ની તૈયારીઓ ચાલી રહી છે.

રાજકોટમાં ચૌધરી હાઈસ્કૂલ માં થનારી ઉજવણી કાર્યક્રમ અંગેનું રિહર્સલ કરાયું. પોલીસ, ગૃહરક્ષક તથા એન.સી.સી.ની ગર્લ્સ બટાલિયનની પ્લાટૂને માર્ચ પાસ્ટ પણ કરી હતી.

રાજકોટમાં જેતપુરની મામલતદાર કચેરીના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનારા જિલ્લા કક્ષાના કાર્યક્રમ માટે ધ્વજવંદન અને બેન્ડ પ્લાટુનનું રિહર્સલ કરાયું.

સુરતમાં માંડવી તાલુકા મથકે જિલ્લાકક્ષાની ઉજવણી કરાશે. તેની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે માંડવી નગરપાલિકા ગ્રાઉન્ડ ખાતે રિહર્સલ યોજાયું હતું.

મહેસાણામાં વિસનગરના એમ એન કોલેજના મેદાન માં કલેકટર એસ.કે પ્રજાપતિના અધ્યક્ષસ્થાને પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું રિહર્સલ કરાયું.

ભરૂચના આમોદ તાલુકા મથકે રેવા સુગર ગ્રાઉન્ડમાં પણ રિહર્સલ કરાયું.

---

# IMPORTANT ANNOUNCEMENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 77 મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ આજે રાષ્ટ્રને સંબોધન કરશે. આ સંબોધનનું પ્રસારણ આકાશવાણીની તમામ રાષ્ટ્રીય ચેનલો પર સાંજે 7 વાગ્યાથી પ્રસારિત થશે જેના કારણે આજે સાંજના પ્રાદેશિક સમાચાર 7.10 વાગ્યાને બદલે સાંજે 6 વાગે પ્રસારિત થશે , જેની તમામ શ્રોતા મિત્રોએ નોંધ લેવા લેવી.

---

# ACCIDENT - BANASKANTHA

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢના ઈકબાલગઢ નજીક એક અકસ્માતમાં છ લોકોના મોત થયા છે. રાજસ્થાનનો પરિવાર પાલનપુર તરફ હોસ્પિટલ જઈ રહ્યો હતો અને રોંગ સાઈડથી આવતા ટ્રકે કારને અડફેટે લેતા આ અકસ્માત સર્જાયો અને ઘટના સ્થળે જ છ લોકોના મોત નીપજ્યા હતા. અમીરગઢ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

---

# ROAD SEFTY – FIT INDIA

રોડ સેફ્ટી અને ' ફિટ ઇન્ડિયા' મોમેન્ટને પ્રોત્સાહન માટે બનાસકાંઠા પોલીસની સાયકલ રેલી યોજાઇ. ટ્રાફિક નિયમોનું પાલન કરો, સાયકલ ચલાવો અને સ્વસ્થ રહી માર્ગને સલામત બનાવોના સંદેશ સાથે આ સાયકલ યાત્રા યોજાઇ હતી.

**રોડ સેફ્ટી માસ અંતર્ગત તથા 'ફિટ ઇન્ડિયા' મોમેન્ટના સંદેશને જનજન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા આ વિશેષ સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હોવાનું બનાસકાંઠાના પોલીસ અધિક્ષક પ્રશાંત સુમ્બેએ જણાવ્યું હતું.**

## બાઈટ : શ્રી પ્રશાંત સુમ્બે, પોલીસ અધિક્ષકશ્રી બનાસકાંઠા

---

## VOTERS DAY CELEBRATION

આજે દેશની સાથે સાથે રાજ્યભરમાં મતદાતા દિવસની ઉજવણી થઇ રહી છે. વિવિધ કાર્યક્રમો દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાઇ રહ્યાં છે.

આ અંતર્ગત ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય હેઠળના 'માય ભારત' (**MY Bharat**) પ્લેટફોર્મ દ્વારા આજે (**25** જાન્યુઆરી **2026**) 'રાષ્ટ્રીય મતદાતા દિવસ' નિમિત્તે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજ્યમાં'રાષ્ટ્રીય મતદાતા દિવસ પદયાત્રા સાયકલ યોજાઇ રહી છે.

"મારું ભારત, મારો મત"ના સંદેશ સાથે આ કાર્યક્રમ યોજાઇ રહ્યો હોવાનું ગાંધીનગરના માય ભારતના જિલ્લા યુવા અધિકારી પ્રિતેશકુમાર ઝવેરીએ જણાવ્યું હતું.

## (બાઈટ : પ્રિતેશકુમાર ઝવેરી, જિલ્લા યુવા અધિકારી,)

---

## AMBAJI ARCHARY

શક્તિપીઠ અંબાજીના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ ત્રિ-દિવસીય આર્ચરી સ્પર્ધાનો સમાપન સમારોહ યોજાયો. આ સ્પર્ધામાં દેશ ભરના 28 રાજ્ય અને 8 કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી 500 ઉપરાંત ખેલાડીઓએ ભાગ લીધો હતો.

દેશભરમાંથી 18 યુવતીઓએ  તમામ વય જૂથમાં સિનિયર કેટેગરીમાં 6 સુવર્ણ ચંદ્રક, જુનિયર કેટેગરીમાં 6 રજત ચંદ્રક, સબ જુનિયર કેટેગરીમાં 6 કાંસ્ય ચંદ્રક મેળવ્યા હતા.

વિજેતાઓને સાત હજાર  થી 3 લાખ સુધીના કુલ 51 લાખના ચેક સર્ટિફિકેટ અને મેડલ એનાયત કરાયા હોવાનું રાજ્ય આર્ચરી એસોસિએશનના હેડ કોચ ઓમ પ્રકાશે જણાવ્યું હતું.

## (બાઈટ : ઓમ પ્રકાશ, હેડ કોચ, રાજ્ય આર્ચરી એસોશિયન)

---

## TERA TUJKO ARPAN - ARAVALLI

અરવલ્લી જિલ્લામાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા દ્વારા વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થયેલા 2.39 લાખથી વધુના 12 મોબાઈલ શોધીને મુળ માલિકોને પરત કરવામાં આવ્યા. ચોરી થયેલા મોબાઈલ પરત મળતાં મોબાઈલ ધારકોએ પોલીસ તંત્રનો આભાર માન્યો હતો.

---

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં રાજ્યના લઘુત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રીનો વધારો થવાની આગાહી કરી છે. તેના કારણે રાજ્યમાં ઠંડીનું જોર ઘટી શકે છે. દરમિયાન ગત 24 કલાકમાં રાજ્યમાં ઠંડીનો પારો ગગડીને પાંચ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યો છે. કચ્છનું નલિયા પાંચ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું છે. આ સિવાય કંડલા વિમાનમથક અને ડીસામાં આઠ, અમરેલી, રાજકોટ અને કેશોદમાં નવ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. પર્વતીય રાજ્યોમાં હિમવર્ષાની અસરના કારણે કચ્છમાં પણ ઠંડીમાં વધારો થયો છે.